ગાંધીનગર સમાચાર

રક્તદાન માટે સિવિલ હોસ્પિટલની ટીમને બોલાવવા રેડક્રોસની અપીલ

# શહેરના મેયરની સિવિલ હોસ્પિટલની મુલાકાત

## @ગાંધીનગર

● રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર, સે-૧૭ ખાતે સવારે ૧૧.૦૦થી ૧૩.૦૦ કલાક સુધી સંસ્થાના જુના સામયિકોનું રાહત દરે વેચાણ કરવામાં આવશે તો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

● પ.પૂ. આચાર્ય ભગવતશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબશ્રી તેમજ બાળકોના લાડીલા પૂજય ગુરુદેવશ્રી કૃપારત્ન વિજયજી સાહેબ દ્વારા સે-૩, શ્રી જૈન શ્વેતામ્બર મુ.પુ. આદિનાથ સંઘમાં સવારે ૮.૩૦ કલાકે જાહેર પ્રવચન યોજાશે. તો શહેરના ધાર્મિક ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લેવા વિનંતી છે.

ગાંધીનગર, તા.૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત આજે સવારે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલે લીધી હતી. મેયરે હોસ્પિટલના વિવિધ વોર્ડ, ઓપરેશન થિયેટર, લેબોરેટરીની મુલાકાત લઈને સફાઈ તેમજ સલામતીની પણ ચોકસાઈપૂર્વક સમીક્ષા કરી હતી. આ પ્રસંગે મેયર સાથે હોસ્પિટલના અધિકારીઓ ખડેપગે હાજર રહ્યા હતા.

આજે સવારે હોસ્પિટલ ખાતે મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલ સ્વચ્છ ભારત અભિયાનને અનુલક્ષી મુલાકાત માટે આવી પહોંચ્યા હતા. મેયરે સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડ, ઈએનટી ઓપરેશન થિયેટર,



ડાયાલિસીસ વોર્ડ, આઈસીયુ વોર્ડ પિડીયાટ્રીક વોર્ડ, મેડીકલ વોર્ડ, ગાયનેક વોર્ડ, સર્જીકલ વોર્ડ લેબોરેટરી તેમજ એકસ-રે સેવાની મુલાકાત લઈને દર્દીઓ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ સિવિલ સર્જન ડો. બિપિન નાયક સાથે સ્વજન ગૃહ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે હોસ્પિટલમાં એડમીટ થતાં દર્દીઓના સગાઓને રહેવા જમવાની સગવડ મળી રહે તેવી વ્યવસ્થા કરવા સુચન કર્યુ હતું. એચઆઈવી ગ્રસ્ત બાળકોને સેકટર-૧૯ની ડિસ્પેન્સરીમાં હાલમાં રાખવામાં આવે છે. જેમાં ફિઝીકલ ઈન્ફાસ્ટ્રકચરને સુધારવા માટે સુચન કર્યું હતું. જયારે બિનવારસી મૃતદેહોને રાખવા માટેની વ્યવસ્થા અંગે પુછપરછ કરીને સંતોષ વ્યકત કરીને ડાયાલીસીસ સેન્ટરની મુલાકાત લઈને કામગીરીની પ્રશંસા કરી હતી. જયારે આઉટસોર્સીંગ સ્ટાફથી યોગ્ય કામગીરી લેવા તંત્રને સુચન કર્યું હતું. સિવિલ હોસ્પિટલની કામગીરીને લઈ સંતોષ વ્યકત કરીને મેયરે દર્દીઓના હિતમાં કામગીરી વધુ સઘન બનવવાના તંત્રના પ્રયત્નોમાં મનપા તંત્ર હંમેશા તૈયાર છે તેમ જણાવ્યું હતું. જયારે સિવિલ હોસ્પિટલની સલામતીના પ્રશ્ને અને સફાઈના પ્રશ્ને વધુ ભારે મુકયો હતો. સિવિલ હોસ્પિટલના સત્તાધીશોએ ટૂંક સમયમાં આ અંગે યોગ્ય કરવા હૈયાધારણ આપી હતી.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં દરરોજ પાર્ક થતા 'ધનંતરી રથ' શું છે તે અંગે ખુદ આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ અજાણ હતા. અંતે ભારે મથામણ બાદ તેમને જાણવા મળ્યું કે આ ધનવંતરી રથનું સંચાલન ૧૦૮ની ટીમ દ્વારા કરાય છે. જે શ્રમિક બાળકો તથા તેમના પરિવારોને આરોગ્ય સહાય તથા લેબોરેટરી ટેસ્ટની વિના મૂલ્યે સવલત આપે છે.


● શહેરમાં સીબીએસઈ શાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને ફરજિયાત આધાર કાર્ડ કઢાવવાની સૂચના આપવામાં આવતા વાલીઓ દોડતા થઈ જવા પામ્યા છે. આ સાથે જો આધાર કાર્ડ નહી કઢાવ્યું હોય તો બોર્ડની પરીક્ષાનું રજીસ્ટ્રેશન નહી થાય તેવી વાતો વ્હેતી થતા વાલીઓ વધુ ચિંતામાં મુકાયા છે.

● આધાર કાર્ડ માટે એજન્સીઓને કામ સોંપવામાં આવ્યું છે. તેમાં છબરડાનું પ્રમાણ ખુબ જ વધુ પડતું થઈ રહ્યું છે. નિયત સમયમાં ટાર્ગેટ પુરા કરવાના ચકકરમાં નાગરિકોના અતિ મહત્વના પુરાવા સમાન આધારકાર્ડમાં છબરડા કરી બેસતા એજન્સીઓના કર્મચારીઓના કારણે નવા આધારકાર્ડ કરતા સુધારો કરાવવા માટેની લાઈનો વધુ લાંબી લચક બનવા પામી રહી છે.

# સે-૧૬ની પોષ્ટઓફિસમાં સેન્ટ્રલ સર્વર ડાઉનનું કાયમી બોર્ડ

ગાંધીનગર, તા.૭

પાટનગરમાં સેકટર-૧૬ની પોષ્ટઓફિસ હાલમાં તેમની કામગીરીથી વગોવાઈ રહી છે. ઓનલાઈન કામગીરી માટે ઉપયોગી એવું સેન્ટ્રલ સર્વર ડાઉનના દૈનીક રીતે બોર્ડ લગાવી કામગીરીથી જાણે કે અળગા રહેવા કિમીયો કર્યો હોય તેવી ગ્રાહકોમાં લાગણી ઉભી થઈ છે. જો કે સેકટર-૧૧માં આવેલ હેડઓફિસમાં આ સર્વર ચાલુ જ હોય છે. જેથી ગ્રાહકોને નાહકના ધક્કા થઈ રહ્યા છે અને પોષ્ટમાસ્તરના બેજવાબદારી ભર્યા જવાબો અને ઉધ્ધતવર્તનની અનેક ફરિયાદો ઉઠવા પામી છે.




ગાંધીનગરમાં સે-૧૬ની પોષ્ટઓફિસમાં સેન્ટ્રલ સર્વર ડાઉનનું બોર્ડ કાયમી બની ગયું છે. આ પોષ્ટઓફિસમાં ગ્રાહકોના કામ અંગે સતત વિવાદ થતો જ રહે છે અને જાણે કે કામ જ ન કરવું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જો કે સેન્ટ્રલ સર્વર ડાઉન હોય તો તમામ પોષ્ટઓફિસમાં તેની અસરો પડતી હોય છે. પરંતુ સે-૧૧ સ્થિત હેડઓફિસમાં સર્વર કાર્યરત જ હોય છે. વધુમાં સતત ઉધ્ધતભર્યા વર્તનથી પંકાયેલા પોષ્ટમાસ્તર વિરૂદ્ધ અનેક લેખિત ફરિયાદો પણ થઈ હોવાનું જાણવા મળ્યુ છે.

# 'વોઈસ ઓફ મુકેશ' સ્વ. ગોપાલ નાયકને સ્મરણાંજલિ આપતા સંગીત કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૭

મહાન પાર્શ્વગાયક સ્વ. મુકેશના નામથી કોણ અજાણ હોય? અનેક ગાયક કલાકારો મુકેશજીના ગીતો ગાઈને તેમને સદા જીવંત રાખી રહ્યા છે. સ્વ. ગોપાલ નાયક ગાંધીનગરમાં 'વોઈસ ઓફ મુકેશ'થી પ્રસિધ્ધ હતા. તેઓ મુકેશજીના એટલા ચાહક હતા કે દર વર્ષે ગાંઠનું ગોપીચંદન કરીને સ્વ ખર્ચે સ્વ. મુકેશની યાદમાં કાર્યક્રમ યોજતા જેમાં શહેરના સંગીતરસિકો અને સ્વ. મુકેશના ચાહકો ઉમટી પડતા હતા. આ કાર્યક્રમમાં તેમના દસેક કલાકાર મિત્રો ઓરકેસ્ટ્રા માટેની વિવિધ ભૂમિકા ભજવતા હતા. પોલીસ ખાતામાં ડીઆઈજી ઓફિસમાં મેસેન્જરની ફરજ બજાવતા સ્વ. ગોપાલ નાયકને કેન્સર જેવી ગંભીર બિમારીએ અકાળે છીનવી લીધા. તેમના ગયા બાદ મિત્રોએ ગોપાલ નાયકની પરંપરા જીવંત રાખવાનું નક્કી કર્યું છે અને દર વર્ષે તેઓ સ્વ. ગોપાલ નાયકની યાદમાં સંગીતનો કાર્યક્રમ યોજે છે. આમ તો અલગ અલગ ઓરકેસ્ટ્રા સાથે સંકળાયેલા આ તમામ મિત્રો સ્વ. ગોપાલ નાયકને ભાવાંજલિ અર્પવા દર વર્ષે એકવાર એકઠા થઈ કાર્યક્રમનું આયોજન કરે છે.



આ વર્ષે આ મિત્રો દ્વારા તા. ૮મી જુલાઈ એ સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં મુકેશના ગીતો સાથે કિશોરકુમાર તથા મોહમંદ રફીના પણ કેટલાક ગીતોનો સમાવેશ કરાયો છે. સ્વ. મુકેશને સ્મરણાંજલિના કાર્યક્રમ તો અનેક યોજાય છે પરંતુ 'વોઈસ ઓફ મુકેશ' તરીકે જાણીતા કલાકારને સ્મરણાંજલિ આપતા કાર્યક્રમનું આયોજન એ સંગીતથી જોડાયેલા કલાકારોની અનોખા સંગીત પ્રેમી ઉપરાંત ઉદાત મિત્ર ભાવનાના ઉત્તમ ઉદાહરણ સમી ઘટના છે.

# રથયાત્રામાં યુવાનોએ પર્યાવરણ જાગૃતિ અંગે પ્રેરણાત્મક સંદેશ પાઠવ્યો

## હેપ્પી યુથ કલબ તેમજ શહેરની બીબીએ કોલેજની અનોખી પહેલ

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) નાં ઉત્સાહી યુવા વિદ્યાર્થીઓએ ભગવાન જગન્નાથની નગરયાત્રામાં ભાગ લીધો હતો.

બીબીએ કોલેજ તેમજ હેપી યુથ કલબનાં સંયુક્ત ઉપક્રમે પવિત્ર રથયાત્રા નિમિતે નગરજનો ને વિવિધ સામાજીક મુદ્દાઓ પર જાગૃત કરવા અનોખી પહેલ કરવામાં આવી હતી. હેપ્પી યુથ કલબ હંમેશા સમાજસેવી પ્રવૃતિઓ માટે અગ્રેસર રહે છે અને આજના ધાર્મિક માન્યતા સાથેનાં તહેવારમાં પણ લોકજાગૃતિનો પ્રયત્ન સમાજને પ્રેરણા આપે તેમ છે.

રથયાત્રાની સાથે સાથે સમાજ ઉપયોગી કાર્ય માટે લોકો ને જાગૃત કરવા સ્લોગન, તેમજ બેનર થી લોકજાગૃતિનો સઘન પ્રયત્ન કર્યો હતો. જેમાં પર્યાવરણની જાગૃતિ માટે વૃક્ષારોપણ બાબતે લોકોને સમજાવવામાં આવ્યા હતા. તેમજ સર્વ ધર્મ સમભાવ તેમજ સર્વને સન્માન આપવાથી સામાજીક એકતા મજબૂત બનશે જેથી સમગ્ર સમાજ સુખમય તેમજ શાંતિમય જીવન




નિર્વાહ કરી શકે. આ વર્ષે ગાંધીનગર ના ઈતિહાસમાં સૌથી વધારે મહત્તમ તાપમાન ૪૯ સેલ્સિયસ સુધી રહ્યુ જેનાથી જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતુ. સાથે સાથે શહેરમાં વૃક્ષોની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. જેથી તેની સામે નવા વૃક્ષો નો ઉછેર આપણા માટે તેમજ આપણી ભાવી પેઢી ની સુરક્ષા માટે ખૂબ ઉપયોગી બનશે. અન્યથા હરિયાળા શહેરને રણમાં ફેરવાતા વાર નહી લાગે. વિદ્યાર્થીઓએ લોકોને પોતાના જન્મદિવસે, લગ્નતિથી પર કે કોઈ પણ ખુશીનાં પ્રસંગની ઉજવણીમાં એક વૃક્ષનું વાવેતર કરવુ જોઈએ જેથી આપણી સામાજીક જવાબદારી પણ પૂર્ણ થશે. આની સાથે સાથે વિદ્યાર્થીઓએ અન્ય જવલંત સમસ્યાઓ તરફ પણ લોકો નું ધ્યાનાકર્ષણ કર્યુ હતુ. જેમાં મુખ્ય રૂપ પાણીની સમસ્યા બાબતે જળ બચાઓ સંદેશ લોકો સુધી પહોંચે તેનુ માર્ગદર્શન આપ્યુ હતું. પાણીનો વિવેક પૂર્વક નો ઉપયોગ તેમજ તેની જાળવણી બાબતે બેનર, સુત્રોચ્ચાર તેમજ પોસ્ટર થી સમજાવવા નો પ્રયત્ન કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજ દ્વારા ઉનાળાના સમયમાં જળ બચાવ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ તેમજ તેની સાથે સાથે વીજળી બચાવ અભિયાનનાં ભાગ રૂપે વિજળીનો વિવેક પૂર્વક નો ઉપયોગ રાષ્ટ્રની કેટલી ઉર્જા બચાવી શકે છે. તે પણ વિદ્યાર્થીઓએ અલગ અંદાજમાં લોકો સુધી પહોંચાડ્યુ હતું. આમ જળ તેમજ વિજળી બચાવવા માટેનાં વિવિધ મહામૂલા સૂચનો વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર યાત્રામાં કરી યાત્રાનાં ધાર્મિક મહત્વ ની સાથે સાથે સામાજીક મહત્વ પણ વધારી દીધુ હતુ જેને ગાંધીનગર નાં જાગૃત નાગરિકો દ્વારા સહર્ષ વધાવી લેવામાં આવ્યું હતું.

સમગ્ર યાત્રામાં બીબીએ કોલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાન્ત પૃસ્ટી નાં માર્ગદર્શન હેઠળ ડૉ.જયેશ તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા અને હેપ્પી યુથ કલબ તરફથી શ્રી સમીરભાઈ રામી દ્વારા વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરી માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ આ સમાજસેવાનાં કાર્યમાં શ્રદ્ધાપૂર્વક તેઓ જોડાયા હતા.

# રક્તદાન માટે સિવિલ હોસ્પિટલની ટીમને બોલાવવા રેડક્રોસની અપીલ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં રક્તની ખૂબ જ અછત પડતી હોવાથી ઘણા દર્દીઓને અમદાવાદ મોકલવા પડે છે અને ગરીબ દર્દીઓને ખાનગી બ્લડ બૅન્કમાંથી નાણાં ખર્ચીને રક્તની સગવડ કરવી પડે છે. આ કારણસર રક્તદાન માટે સિવિલ હૉસ્પિટલની ટીમને બોલાવવા માટે રેડક્રોસ ગાંધીનગર દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અપીલ કરતાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના અગ્રણી જીલુભા ધાધલે જણાવ્યું છે કે સિવિલ હૉસ્પિટલની ટીમને રક્તદાન માટે બોલાવવા માટે રેડક્રૉસનો સંપર્ક પણ કરી શકાય છે. ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં રક્તની કમીને કારણે થૅલેસેમિયા અને કૅન્સરના ઘણા દર્દીઓને દર સપ્તાહે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ જવું પડે છે એ શરમની વાત છે, વળી ગરીબો અને ગર્ભવતી બહેનો પણ રક્તના અભાવે ઘણાં હેરાન થાય છે. આમ ન થાય અને ગાંધીનગરના રહેવાસીઓનું રક્ત ગાંધીનગરના જ જરૂરિયાતમંદોને મળી રહે તે માટે રક્તદાન અર્થે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલની ટીમને બોલાવવા અથવા આ હેતુસર રેડક્રૉસનો સંપર્ક કરવા તેમણે આ અપીલમાં જણાવ્યું છે.

# ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામેના આક્ષેપો સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા વખોડાયા

ગાંધીનગર, તા. ૭

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા ટ્રસ્ટ ગાંધીનગરના આગેવાનો જીલુભા ધાધલ, ઍન પી. પટેલ, કુંવરજીભાઈ, ડૉ. ગગલાણી, કેતનભાઈ ધોળુ, ભુપેન્દ્ર ગજ્જર, નરેન્દ્ર મંડિર, અનિલ હિંગુ, હરીશ પાલા, રામદાન ગઢવી, મગનદાદા, રમણીકભાઈ સુરેલીયા, લક્ષ્મણ કંસારા, જી પી પટેલની અધ્યક્ષતામાં ૩૦૦થી વધુ સભ્યોની બેઠક તાજેતરમાં મળી હતી, જેમાં તલાટી કૌભાંડના સૂત્રધાર કલ્યાણસિંહ ચંપાવતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામે કરેલા આક્ષેપોને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતો ઠરાવ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો.

ભૂપેન્દ્રસિંહ આ સમાજના મોભી છે, સૌરાષ્ટ્રનું ગૌરવ છે, સરળ-નિખાલસ અને નિરાભિમાની તથા કાર્યશીલ વ્યક્તિ છે, જે ગુજરાતની જનતા પણ જાણે છે.

આવા કર્મઠ વ્યક્તિ વિરુદ્ધ કાદવ ઉછાળનાર ડૉ. ચંપાવતને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવે છે એમ આ ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું. ઠરાવને નગરસેવક હર્ષાબા ધાધલ અને નાઝાભાઈ ઘાંઘર દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.

# ચિલોડાના યુવાનોનો નિઃશુલ્ક શિક્ષણ યજ્ઞ

## ગરીબ પરિવારના બાળકોને અભ્યાસમાં રૂચિ વધે તેવો ઉમદા હેતુ : પાયાનું ઘડતર કરવા તમામ સમાજના બાળકોને ક્ષત્રિય યુવાનો રોજ એક કલાક શિક્ષણ આપે છે

ગાંધીનગર, તા.૭

ચિલોડાના શિક્ષિત બેરોજગાર યુવાનોએ ગરીબ પરિવારના બાળકોને પાયાથી જ શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી શિક્ષણ યજ્ઞનો પ્રારંભ કર્યો છે. ગામના ક્ષત્રિય યુવાનોએ રોજ રાત્રે એક કલાક તમામ સમાજના ગરીબ બાળકોને અક્ષરજ્ઞાન, સાક્ષર અભિયાન અને શ્રેષ્ઠ શિક્ષણ પુરું પાડવા પ્રયાસો આદરી દીધા છે. વધુમાં બાળકોને પાયાથી જ શિક્ષણ પ્રત્યે રૂચિ વધે અને કોઈ શિક્ષણથી વંચિત ન રહે તે માટે નિઃશુલ્ક કોચિંગ કલાસ શરૂ કરી શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવાનો તેમનો આ ભગીરથ પ્રયાસ પંથકમાં સરાહનીય બન્યો છે.

ચિલોડાના ક્ષત્રિય યુવાનોએ પોતાની બેરોજગારીને અન્ય સમાજ ઉપયોગી કાર્યમાં વપરાય તે હેતુથી ગામમાં જ નિઃશુલ્ક શિક્ષણ કાર્ય શરૂ કર્યુ છે. શિક્ષણની ઉજળી તકોથી બાળકો શિક્ષિત બને તે માટે આ યુવાનોએ પોતાનો સમય, શકિત અને વ્યકિતગત યોગદાન સમર્પણ કર્યું છે. ગરીબ અને પછાત વર્ગના બાળકોમાં ગણન, વાંચન અને લેખન જેવી બાબતો પાયામાંથી જ ઘડાય તે માટે રોજ રાત્રીના એક કલાક કોચિંગ કલાસ ચિલોડાના ઈન્દિરાનગર, ચારોળી વિસ્તાર તથા ઠાકોર વાસમાં શરૂ કર્યા છે. ધો-૧ થી ૮ના પ્રાથમિક શાળાના નબળા વિદ્યાર્થીઓ ઉપર વધુ ભાર મુકાઈ રહ્યો છે. સરકાર દ્વારા પ્રવેશોત્સવ કરી વિદ્યાર્થીઓનું નબળાઈ બહાર આવે છે. આ નબળા બાળકોને પડતી તકલીફોનો અભ્યાસ કરી શિક્ષણ પુરું પાડવાનો કચાશ રહે છે. શિક્ષણ સુધારણા-સર્વ સિક્ષા અભિયાન, સૌ ભણે સૌ આગળ વધે, શાળા અમારી તીર્થ



નામાંકન થાય છે પરંતુ ગુણોત્સવ જેવા કાર્યક્રમમાં બાળકોની આ યુવાનોએ ભેખ ધારણ કર્યો છે. ગુણવત્તાસભર શિક્ષણમાં ભૂમિ, જયાં વહે જ્ઞાન ગંગા જેવા સૂત્રો કયારે સાર્થક થશે તેવા સવાલો પેદા થયા છે ત્યારે આ યુવાનોએ શિક્ષણ કાર્યને હાથવગુ કરી સમાજને એક નવો રાહ ચિંધ્યો છે. ભારતનું ભાવિ શિક્ષણ વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે જેને સાર્થક કરવા આ યુવાનોએ ભાડે મકાન રાખી શિક્ષણની ધુણી ધખાવી છે. સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવા માટે જે સમાજનું ભવિષ્ય આવનાર પેઢી ઉપર નિર્ભર છે તે પેઢીને સંપૂર્ણ સાક્ષર બનાવવા પાયાથી જ શિક્ષણ આપવાનો આ યુવાનોએ શિક્ષણ યજ્ઞ શરૂ કર્યો છે અને તેને પોતાની નૈતિક ફરજ સમજી રહ્યા છે. ગામમાં જ શરૂ થયેલ આ પ્રવૃત્તિને સૌ કોઈએ બિરદાવી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

# આવતીકાલથી આર્ટ ઓફ લિવીંગના ઈન્ટયુસન પ્રોસેસ કોર્સનો પ્રારંભ

આર્ટ ઓફ લિવીંગના ગાંધીનગર એકમ દ્વારા ૮ થી ૧૮ વર્ષના બાળકોના મીડ-બ્રેઈન એકિટવેટ કરતા ઈન્ટયુસન પ્રોસેસ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોર્સ તા. ૯ અને ૧૦ જુલાઈ દરમિયાન સે-૧૧ના મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે આર્ટ ઓફ લિવીંગના કેન્દ્ર ખાતે સાંજે ૬.૦૦ કલાકે યોજાશે. કિશોર વયના બાળકોનું મીડ બ્રેઈન એકિટવેટ કરી તેમનામાં આત્મવિશ્વાસ અને એકાગ્રતા સાથે અભ્યાસ કરી શકે તે માટે ઈન્ટયુસન પ્રોસેસનું આયોજન કરાયું છે. મનુષ્યના મગજમાં પડેલી અનંત શકિતને આ તાલીમ દ્વારા જાગૃત કરી શકાય છે. અંતઃસ્ફૂરણા ડેવલપ કરી બંધ આંખે રંગ, અક્ષર વગેરે ઓળખી ધીમે ધીમે વ્યકિત અને પરિસ્થિતિને ઓળખી શકવાની તાલીમ આ કોર્સમાં આપવામાં આવે છે.

## ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગરના સભ્યો માટે

દર વર્ષની જેમ આ વર્ષે શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ માટે રમત ગમત તેમજ શૈક્ષણિક ક્ષેત્રે જુનિયર કે.જી. થી ઉચ્ચ અભ્યાસક્રમના સુધીના દરેક તેજસ્વી તારલાઓને પારિતોષિક આપવામાં આવશે. જેથી માર્કશીટની ઝેરોક્ષ નકલો વાલી તેમજ વિદ્યાર્થીએ તા. ૨૬-૭-૧૬ સુધીમાં મંડળના હોદેદારોને રૂબરૂમાં અચુક મોકલી આપવાની રહેશે. ધોરણ-૧૦ તેમજ ૧૨, સ્નાતક તેમજ વિશિષ્ટ અભ્યાસક્રમની માર્કશીટની બે ઝેરોક્ષ નકલો આપવાની રહેશે. સંસ્થાને આપવામાં આવેલ માર્કશીટ પર વિદ્યાર્થી તેમજ વાલીનું પુરુ નામ, સરનામું, તથા ટેલીફોન નંબર અચુક દર્શાવાનો રહેશે. તા. ૨૬-૭-૧૬ પછી મળેલી માર્કશીટ ઈનામને પાત્ર ગણવામાં આવશે નહી તેમ સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ શાંતિલાલ ભાવસારે જણાવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રેમીલા ગણેશપ્રસાદ શ્રીવાસ્તવ, ઉ.વ. ૬૯